R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-24 • ISSUE: 38 DATE: 19-09-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગાર
પાલડી,અમદાવાદ-૭

## આખરે દાંડીયાત્રા મોકુફ :સરકાર અને આંદોલનકારીઓ વચ્ચે સમાધાન

આખરે પાટીદાર અનામત આંદોલનકારીઓએ દાંડીયાત્રાનું બ્યુગલ ફુંકેલું તેને જોતા સરકારે સમાધાન કરવાની તૈયારી બતાવતાં દાંડીયાત્રા મોકુફ રાખવામાં આવતાં,લોકોના જીવ પડીકે બંધાયા હતા તેમાં રાહત મળી હતી.પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલ સાથે થયેલા મંત્રણાઓને પગલે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાથે બેઠક ગોઠવાતાં તાત્કાલિક અસરથી દાંડીયાત્રા મોકુફ રાખવામાં આવી હતી.હાર્દિક પટેલે મંત્રણા માટેની સંમતિ આપતાં બંને પક્ષે સમાધાનનો માહોલ રચાય એ હેતુથી દાંડીયાત્રા સહિતના કાર્યક્રમો મોકુફ રાખવામા આવ્યા હતા.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને સિનિયર મંત્રીઓની મળનાર બેઠકમાં પટેલો માટે આર્થિક પેકેજ જાહેરાત કરવા ઉપરાંત રાજસ્થાનની પેટર્ન પર આર્થિક રીતે પછાત સમુદાયને સહાય કરવા તથા પટેલો સામે કરાયેલા કેસો પાછા ખેચવાની સૈધ્ધાંતિક ખાતરી અપાઈ હોવાનુ મનાય છે.પાટીદારો સામે થયેલ એફઆઈઆર પાછી ખેચવી,દમન કરનાર પોલીસો સામે પગલાં લેવા,આર્થિક નબળા લોકો માટે પેકેજ,ઓપન કેટેગરીમાં ઓબીસીને પ્રવેશ ન અપાય.ઉચ્ચ શિક્ષણમાં સહાય વિગેરે મુદ્દાઓ બેઠકમાં ચર્ચવામાં આવશે.

## સ્વચ્છ ભારત અભિયાનમાં માત્ર વાતો જ : શશી થરુર

મોદી સરકારના સ્વચ્છ ભારત અભિયાન પર ખુદ તેના એક બ્રાન્ડ એમ્બેસેડર શશી થરુરે જ સવાલ ઉઠાવ્યા હતા. વડાપ્રધાન મોદીએ આઠ અન્ય લોકોની સાથે શશી થરુરને સ્વચ્છ ભારત અભિયાનના બ્રાંડ એમ્બેસેડર બનાવ્યા હતા.તેમણે કહ્યુ હતું કે સરકાર આ મામલે જોરદાર પ્રચાર કરી રહી છે. પરંતુ નક્કર કામગીરીમાં ઢીલી છે.તેમણે કહ્યું હતું કે સ્વચ્છતા અભિયાની વાત છે તો કહી શકાય એવા કોઈ પુરાવા મળ્યા નથી. કે અભિયાન અંગે જે વાતો કરવામાં આવી રહી છે તે ખરેખર કરાતાં કામોમાં સમાનતા નથી.તેમણે કહ્યું કે તેમના પક્ષ કોગ્રેસ દ્વારા કરવામાં આવેલ ટીકાઓ ખોટી નથી.યોજના માટે કેન્દ્ર પાસે સંસાધનો મળતા નથી.યોજનાનું બજેટ આ નાણાંકીય વર્ષમાં સફાઈ માટેના બજેટ કરતાં પ્રચારનું બજેટ મોટું છે.જેથી માત્ર સ્વચ્છતા અભિયાનનો પ્રચાર જ થાય છે. વાસ્તવમાં સ્વચ્છતા માટે કોઈ કાર્યક્રમ નક્કી કર્યા મુજબનો થતો નથી.સ્વચ્છતા માટે મોદીનું બજેટ ગત સરકારના બજેટથી ઓછું છે

## ગૌવંશની કુરબાની નહી, કાયદાનુંસાર પ્રક્રિયા માટે અપીલ

કુરાન શરીફના ઉપદેશના નામે ગૌવંશના હોડિંગ્સના મામલે સર્જાયેલ વિવાદ બાદ ધારાસભ્ય ગ્યાસુદીન શેખ તથા જમિયત ઉલ્મા, અમદાવાદના નેજા હેઠળના એક પ્રતિનિધિ મંડળે પોલીસ કમિશ્નરને મળીને એક આવેદન પત્ર આપ્યું હતું.જેમાં હિંદુ સમાજની ભાવનાઓનો આદર કરી ગાય અને ગૌવંશની કુરબાની નહી કરી ફક્ત કાયદાને અનુરુપ પશુઓની જ કુરબાની કરવાની અપીલ મુસ્લીમ સમુદાયને કરવામાં આવી હોવાનું જણાવ્યુ હતું.આવેદન પત્રમાં એ મતલબની માંગણી કરાઈ છે કે શાંતિના માહોલને બગાડવા કેટલાક સંગઠનો કાયદાનુંસાર પશુઓને લાવતાં વાહનો અટકાવી રહ્યા છે.આ પ્રકારની કનડગત બંધ કરે.આવેદનપત્રમાં કહેવાયુંછે કે દેશમાં ભાઈચારાનો માહોલ જળવાઈ રહે તેવા આશયથી પાંચ વર્ષ અગાઉ દારુલ ઉલુમ દેવબંદ દ્વારા ગાયની કુરબાની નહી કરવાની અપીલ જાહેર કરાઈ હતી.

## માંસ પર પ્રતિબંધના મામલે મહારાષ્ટ્રમાં શિવસેનાએ જૈનોને ધર્માંધ ન બનવા કહ્યું : જેને જે ખાવુ હોય તે ખાવા દો ની શીખ આપી

મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી અને શિવસેનાના ગઠબંધનની સરકાર છે.પરંતુ કેટલીક બાબતોમાં શિવસેનાને ભાજપા સાથે મતભેદ ઉભા થાય છે. તાજેતરમાં મહારાષ્ટ્રમાં જૈનોના પવિત્ર તહેવારો પર્યુષણ દરમિયાન કતલખાનાઓ બંધ રાખવા અને માંસ વેચવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો જેનો શિવસેનાએ ઉગ્ર વિરોધ કર્યો હતો.શિવસેના સત્તામાં ભાગીદાર હોવા છતાં રાજ્ય સરકારને ચેતવણી આપી છે કે જો તેઓ માંસાહાર પરનો પ્રતિબંધ નહી હટાવે તો તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીશ અનો પશુપાલન પ્રધાન એકનાથ ખડસેના ઘરની સામે પશુ બાંધીને આંદોલન કરશે.મનસેએ પણ સરકારના માંસાહાર સામેના પ્રતિબંધનો વિરોધ કર્યો હતો.મનસેના દેશપાંડેએ જણાવ્યું હતું કે જ્યાં સુધી સરકાર એ મહાપાલિકા માંસાહાર પરથી પ્રતિબંધ નહી હટાવે ત્યાં સુધી અમો અમારુ આંદોલન ચાલુ રાખીશું.ભાજપે માંસાહારના પ્રતિબંધને ટેકો આપ્યો છે.તો વિરોધ પક્ષો મનસે,કોગ્રેસ અને એનસીપીએ તેનો વિરોધ કર્યો છે.તેમણે આક્ષેપ કર્યો હતો કે આ તો ભાજપનો મતદારોનું ધ્રુવીકરણ કરવાનો કારસો છે.જેઓ ૨૦૧૭માં બીએમસીની ચુંટણી પહેલા સમાજના એક વર્ગને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

બીફબેન પર આક્રમક બનેલા શિવસેનાએ સામનાના અગ્રલેખમાં જણાવ્યું હતું કે જૈનોને મુસ્લીમોના માર્ગે ન જવાની સલાહ આપી છે.શિવસેનાએ જણાવ્યું છે કે રાજ્યમાં અનેક ઠેકાણે ભયંકર દુકાળ પડ્યો છે. ત્યારે માંસાહાર પર પ્રતિબંધ મુકવા ધાર્મિક દાંડીયા રમવાનું અનુમાષી છે.એટલું જ નહીં તે એક પ્રકારનો હિંસાચાર છે.અત્યાર સુધી ધર્માંધ મુસ્લીમો લઘુમતીના નામે દાદાગીરી કરતા હતા.હવે મુસલમાનોની જેમ લઘુમતીને નામે જૈનો ધર્માંધ બની તેમના માર્ગે ચાલે તો ભગવાન તેમનુ રક્ષણ કરે.કારણ કે ૯૨-૯૩માં મુંબઈમાં થયેલા હિંસાચાર દરમ્યાન ગુજરાતી જૈનોનું રક્ષણ કરવાનું કામ હિંદુ ગણી મરાઠીબાંધુઓએ કર્યું હતું.અને ધર્માંધનો હિંસાનો હિંસાથી જવાબ આપવાને કારણેજ ગુજરાતી જૈનબંધુઓનું રક્ષણ થયું અને તેમના જીવ અને તેમની મિલકતો બચી હતી.

જૈનોને સલાહ આપતાં સામનાના લેખમાં લખાયું હતું કે જીવો અને જીવવા દોની જેમ જેને જે ખાવું હોય તે ખાવા દો.જૈન સમાજ મુસ્લીમોના રસ્તે ચાલવા લાગ્યો છે. મુસ્લીમો માટે તો પાકિસ્તાન છે. પણ જૈનો ક્યાં જશે ?માંસ પર પ્રતિબંધ માટે જૈન સમાજ જવાબદાર છે.વિશેષમાં જ્યાં જ્યાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યાં તેઓએ મતદારોનું ધ્રુવીકરણ કરવા માટે તે રાજ્યો માંસાહાર પર પ્રતિબંધ લાદી દીધો છે. આમ કરીને ભાજપી સરકારોએ જૈન મતદારોને ખુશ કરવા પ્રયત્ન કર્યો છે.

પર્યુષણ નિમિત્તે કતલખાના એક અઠવાડીયું બંધ રાખવાના જૈનોના દુરાગ્રહના આકરા રાજકીય પ્રતિભાવો પડ્યા છે.દાદરમાં આગર બજારમાં મનસે અને શિવસેનાએ મહાપાલિકાના માંસ વેચવા પર પ્રતિબંધ મુકવાના નિર્ણયના વિરોધમાં ચિકનના સ્ટોલ શરુ કરી નિયમનો ભંગ કર્યો હતો.પોલીસે આ બાબતે મનસેના કાર્યકરની ધરપકડ કરી હતી.પોલીસે ચિકન સ્ટોલ લગાવીને વેચનારા શિવસેનાના સૈનિકોની પણ ધરપકડ કરી હતી.સંજય રાઉતે જણાવ્યું હતું કે પાલિકા નક્કી ન કરી શકે કે લોકોએ શું ખાવું અને શું નહીં.જમ્મુ કાશ્મીરમાં ગૌમાંસ પરના પ્રતિબંધને કારણે હાઈકોર્ટના આદેશ બાદ અલગતાવાદીઓએ બંધનું એલાન આપ્યું હતું.રાજસ્થાન સરકાર દ્વારા આ પર્વને ધ્યાનમાં લઈને માંસ મદીરા ખરીદ વેચાણ પર પ્રતિબંધ મુક્યો છે.

હકીકતમાં તો કોઈ પણ ધર્મના વિચારો અન્યો પર થોપવા જોઈએ નહીં.કોણે માંસ મદિરા ખાવી કે પીવી તે અન્ય ધર્મો દ્વારા લોકો પર થોપી શકાય નહી.કેટલાક રાજયોમાં હિંદુત્વવાદી સરકારો ચુંટાઈ આવી છે તેમને મન કોઈ પણ પ્રકારની મનાઈઓ લોકો પર થોપી દેવાનો અભરખો જાગ્યો છે. લોકશાહીમાં તમામ ધર્મો સરખા છે.અને દરેકને તેમની માન્યતા મુજબ પાળવાની છુટ છે પરંતુ તેનો અર્થ એ નથી કે તેમારી માન્યતાઓ જે તમારામાં માનતા નથી તેમની પર થોપી દો.જે લોકો માંસ ખાતા નથી તેઓ માંસ ખાનાર પર કેવી રીતે પ્રતિબંધ લદાવી શકે.શિવસેનાએ કરેલ વિરોધ માટે તેમની પીઠ થબથબાવવી પડે કારણકે તેમની સત્તામાં સાંઠગારી છે છતાં પણ તેમણે કોઈપણ જાતની શેહ શરમ રાખ્યા વગર પોતાની માન્યતાને અસરકારક રીતે રજુ કરી છે.

બાંન્દ્રામાં પત્રકારો સાથેની વાતચીતમાં રાજ ઠાકરએ જણાવ્યું હતું કે આ મામલો તો હવે જૈન વિરુધ્ધ હિંદુ રંગ ધારણ કરી રહ્યો છે.તેમણે માંસાહાર પરના પ્રતિબંધની સામે માંસ વેચવાની હાકલ કરી હતી.તેમણે ક્હયુ હતું કે કોઈપણ પ્રતિબંધની સામે માંસ વેચશે તેની મનસે રક્ષા કરશૈ.મહારાષ્ટ્રમાં શું કરવું તે જૈનોએ નક્કી કરવાનું નથી.આ મહારાષ્ટ્ર છે ગુજરાત નથી.કાલે ઉઠીને રમજાનમાં હોટલ બંધ રાખવાની માંગણી કરવામાં આવશે તેશું કરવાનું તેવો સવાલ તેમણે કર્યો હતો.રાજ ઠાકરેએ ચીમકી આપી હતી કે ગુજરાતીઓએ સંઘર્ષની વેળા ન આવે તે જોવું જોઈએ.

મુંબઈ હાઈકોર્ટે ચાર દિવસ સુધી પ્રાણીઓની કતલ અને માંસના વેચાણ પર પ્રતિબંધ લાદવાનું વ્યવહારુ નથી તેવું જણાવ્યું હતું.જસ્ટીસ અનોપ મોહતાના વડપણ તળેની ખંડપીઠે આ અરજીની સુનાવણી હાથ ધરતા જણાવ્યું હતું કે મુંબઈ એ મેટ્રોપોલીટન શહેર છે. માંસ પર આમ સીધો પ્રતિબંધ મુકવો યોગ્ય નથી.બજારમાં મળતાં પેક માંસના વેચાણનું શું તેવો કોર્ટે સવાલ કર્યો હતો.જો કે આખરે બે દિવસ માટે પ્રતિબંધ રાખવા માટે તમામ વિરોધીઓ સંમત થયા હતા. અને ભડકેલી આગ ઠરી ગઈ હતી.જો કે હજુ અન્ય રાજ્યો શું કરે છે તે જોવું રહ્યુ

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

કોણે શું ખાવું અને શું ના ખાવું તે હવે વિકાસના નામે ચુંટાયેલ સરકારોએ નક્કી કર્યુ છે.લોકશાહી અને સરમુખત્યારશાહીમાં ભેદ હોય છે.ધાર્મિક આસ્થાને અન્ય લોકો પર કાયદાના ગોદે પાલન કરાવવા નિકળેલાઓને બંધારણ જેવી ચીજ આ દેશમાં છે તેની કમસે કમ ખબર હોવી જરુર છે.નાગરિક અધિકારોનું મુલ્ય અને તેનુ જતન સત્તા પર બેસીને કેવી રીતે થાય તે જાણવું જોવું ખુબજ અગત્યનું છે. કોઈની ધાર્મિક આસ્થા કે માન્યતા,અન્યો પર બહુમતીના જોરે કાયદા દ્વારા થોપી દેવી તે સરમુખ્યતારીશાહીનો હિસ્સો માની શકાય.

આ દેશમાં મતદારોને રીઝવવા માટે અનેક રાજકીય પક્ષોએ જ્યારે જ્યારે જરુર પડી ત્યારે બાંધછોડ કરી છે.ભારતીય જનતા પાર્ટીએ જ્યાં જ્યાં ચુંટણીઓ થઈ ત્યાં જઈને મોદીના વિકાસ અંગેનો ભ્રામક પ્રચાર કરીને મતદારોના વોટ ખંખેર્યા છે. તેમાં તેઓને યેનકેન પ્રકારનો ઉપયોગ પણ કર્યો છે.જો કે સત્તા મેળવવા માટે આજસુધીમાં સત્તા પર આવેલ તમામ રાજકીય પાર્ટીઓએ આ ખેલ બહુધા નિભાવ્યો છે. દોષ કોઈ એકનો નથી. પરંતુ હાલમાં જે કાંઈ થઈ રહ્યું છે તેમાં મતદારોને વધુ પ્રાધાન્ય આપીને રાજકીય પાર્ટીઓ ખેલ કરી રહી છે.જો કે સામાન્ય નાગરિકોને આ બાબતમાં કોઈ રસ નથી. એમને તો તેઓની જીવવાની ઢબમાં કોઈ બાંધછોડ કરવી પડે તેમાં રસ નથી.

હવે ખરેખર ન્યાયતંત્ર જે લોકશાહીની જાગીર ગણાય છે તેણે આ બાબતમાં પોતાનો મત રજુ કરવાનો છે.નાગરિકોના બંધારણીય અધિકાર બાબતે ન્યાયતંત્રે તમામને સમજ આપવાની જરુર છે.અને તે પણ કડક રીતે. કોઈપણ જાતના આડંબર કે રાજદ્વારી દબાણોને વશ થયા વગર.જો ન્યાયતંત્ર પોતાનો મલાજો જાળવશે તો દેશની પ્રજાને ન્યાયતંત્રમાં શ્રધ્ધા છે તે વિશ્વાસયોગ્ય જણાશે.કારણકે હવે તો એવી પરિસ્થિતિનું નિર્માણ થવા જઈ રહ્યું છે કે જે પક્ષની સરકાર આવે અને તેમાં જે ધર્મના લોકોની બહુમતી હોય, અને તેમના ધાર્મિક નેતાઓ જે કહે તે સર્વ પ્રજાએ પાલન કરવું પડશે.તે ધર્મ પાળવો પડશે અને તે કહે તે ખાવાનું ખાવું પડશે ? અચ્છે દિનની શરુઆત થઈ ચુકી છે.

જો કે પાટીદાર આંદોલને રાજકીય રીતે સત્તામંધ થઈ ચુકેલાઓની નિંદ હરામ કરી નાંખી છે. વડાપ્રધાન અમેરિકાના પ્રવાસે જવાના છે ત્યારે ત્યા તેમનો જે રીતે વિરોધ કરવાના સમાચાર આવી રહ્યા છે તે જોઈને વિશ્વના જમાદાર થવાના સપના જોનારાઓને ફાળ પડી છે.રાતોરાત ઉભી કરેલ પ્રતિષ્ઠા માં એકાએક કેમ ગાબડુ પડ્યું ?


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૯)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૮૫ | બીએસસી.હોટેલ મેનેજમેન્ટ,એમબીએ. | ૨૯-૩-૮૬ | ૫૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૮૬ | બીએ.ઈન્ટરનેશનલ,હોટેલ મેનેજમેન્ટ | ૨૦-૩-૯૦ | ૨૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૮૭ | બીકોમ.(અંગ્રેજી મીડીયમ) | ૨૪-૨-૮૯ | ૨૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૮૮ | ૧૨,અંગ્રેજી મીડીયમ,ડીપ્લો.મલ્ટી મીડીયા.એની. | ૨૯-૬-૮૪ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૯ | બીએ.એમએસડબ્લ્યુ.હોસ્પી.મેનેજ.(આર્યલેન્ડ) | ૩૧-૧-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૩૯૦ | એમએસસી.બીએડ.ફુડ સાયંસ ટેક,(કેનેડા) | ૧૪-૧૧-૮૯ | ૨૦૦૦ડોલર | મેથો. | કુવારા |
| ૩૯૧ | બીઈ મીકેનીકલ | ૧૫-૧૨-૯૦ | ૩૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૨ | બીબીએ.ડીપ્લો.ફ્રેન્ચ ,ઈગ્લીંસ મીડીયમ | ૧૦-૧૦-૮૫ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૩ | એમએસસી.બીઈ મીકેનીકલ | ૨૧-૮-૭૬ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૭૨૧ | બીએ | ૪-૭-૭૮ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૨ | એલએલબી,એસએસડબલ્યુ.ડીએલએલ | ૭-૧૦-૮૬ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૩ | એમ.બી.એ. | ૧-૧-૮૨ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૪ | એમ.કોમ. | ૨૧-૧૦-૮૫ | ૭૮૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૭૨૫ | પીટીસી.બીએસસી. | ૨૪-૩-૮૭ | ૭૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૬ | માસ્ટર ઈન્ હ્યુમન રીસો.મેનેજમેન્ટ | ૬-૨-૮૫ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૭ | એસએસસી.આઈટીઆઈ.વાયરમેન | ૨૨-૬-૮૬ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૨૮ | એમકોમ.(એકાઉન્ટ.વીથ ફાયનાન્સ) | ૭-૧-૮૩ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૩૦ | ૧૨ પાસ.હોટેલ મેનેજમેન્ટ | ૮-૮-૮૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૭૩૧ | પીટીસી.ડીપ્લોમાં.મીકેનીકલ.બીએ. | ૩૦-૫-૮૪ | ૭૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૩ | બીઈ ઈલેકટ્રીક | ૨૩-૧-૭૫ | ૭૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૪ | કોમર્સ,આઈટીઆઈ.એમએમસીપી,સીએનસી. | ૧૪-૧૦-૮૩ | ૧૩૫૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૬૭ | બીકોમ. મેડીકલ ટ્રાન્સક્રીપ્શન | ૨૩-૮-૭૪ | ૩૦૦૦ડોલર | મેથો. | છુટાછેડા |
| ૨૬૮ | બીએ. | ૧૧-૮-૬૯ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૭૦ | ૯ પાસ | ૩૧-૧૦-૮૭ | ૭૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૭૩ | ૧૨ પાસ,આઈટીઆઈ ફીટર | ૬-૯-૮૦ | ૭૫૦૦ | પેન્ટીકોસ્ટ | છુટાછેડા |
| ૨૭૫ | એમએસસી.બીએડ | ૨૬-૮-૭૨ | ૪૦૦૦૦ | સા.આર્મી. | વિધુર |

## ★ યુવતીઓ (૩૯) ★

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૨૨૧ | ફીઝીયોથેરાપી,અમેરીકા | ૧૮-૮-૮૧ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૨૬ | એમબીબીએસ.એમડી. | ૨૯-૧૦-૮૦ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૨૭ | બીબીએ.સીએનો કોર્ષ | ૧૩-૧૧-૮૨ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૪૧ | એમબીબીએસ.એમડી. | ૧૪-૧૨-૮૪ | ૩૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૪૫ | એમકોમ.એમબીએ.(અમેરીકા) | ૨૫-૨-૮૭ | ૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૬૧ | જીએનએમ ૩ ૧/૨વર્ષ નર્સીંગ | ૨૬-૪-૮૪ | ૨૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૭૭ | બીએસસી.લેબ ટેક,સેક્રટરી કોર્ષ | ૧૦-૬-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૭ | એમએસડબલ્યું. | ૨૫-૧૦-૭૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૯૧ | બીપીટી.ડીપ્લોમ. એવીએશન,હોસ્પી.ટ્રાવેલ.ટુરી. | ૨૪-૧૦-૮૫ | ૧૮૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૧૨ | જીએનએમ | ૧૨-૧૨-૮૭ | ૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૧૩ | બીઈ ઈન્ડીયા.એમબીએ.(ફાય.)અમેરીકા. | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૩૧૬ | એમ.પીએ.(થિયેટર)પીએચડી. | ૧૦-૧૧-૮૨ | ૧૩૦૦૦ | અલાયન્સ | કુંવારા |
| ૩૨૩ | જીએનએમ. | ૧૦-૧૨-૮૭ | ૧૪૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૨૬ | બીએ.ડોકટર ઈન આરોમા થેરાપી. | ૪-૮-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૩૫૦ | બીએ.બીએડ.એમ.એ.એમફીલ. | ૬-૧૦-૮૫ | ૪૬૮૦૦ | મેથો. | કુંવારા |
| ૩૫૪ | જીએનએમ | ૭-૩-૭૭ | ૧૯૪૫૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૫૬ | એમબીએ. એચઆર | ૧૫-૯-૮૭ | ૨૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૦ | એમએ.બીએડ. | ૨૫-૪-૭૬ | ૬૫૦૦ | પેન્ટીકોસ્ટ | કુંવારા |
| ૪૨૭ | બીએ.બીએડ(ઈગ્લીંસ) | ૨૯-૫-૮૫ | ૭૨૦૦ | મેથો. | કુંવારા |
| ૪૪૧ | બીએ. મ્યુઝીકલ ડીપ્લો.ડીગ્રી ૫ વર્ષ | ૨૦-૫-૮૫ | ૩૫૦૦ | આર.સી | કુંવારા |
| ૪૪૨ | ૧૨ પાસ. | ૩-૮-૭૫ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૪૩ | બીએ. પ્રીપીટીસી.સિવણ,બ્યટી પાર્લર | ૧-૮-૭૦ | ૩૫૦૦ | મેથો. | કુંવારા |
| ૧૨૩ | એમએ બીએડ.(ઈગ્લીંસ) | ૨૮-૬-૮૬ | ૪૩૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૧૪૩ | બીએ.એલએલએમ.એમએસડબલ્યુ. | ૧૧-૮-૮૩ | ૨૫૦૦૦ | સીએનઆઈ. | છુટાછેડા |
| ૧૪૫ | બીએસસી કેમેસ્ટ્રી | ૮-૬-૭૮ | ૧૪૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૪૬ | એમએ.બીએડ | ૭-૭-૭૩ | ૧૨૦૦૦ | આર.સી. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**
**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**
તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

## દલિત ખ્રિસ્તીઓ અને મુસ્લીમો માટે અનામત નહી અપાતા દિલ્હીમાં બ્લેક ડે મનાવાયો




દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમો માટે ઈક્વલ રાઈટ્સ માટે આંદોલન ચલાવી રહેલાઓ ૧૦ ઓગષ્ટને બ્લેક ડે તરીકે દિલ્હી ખાતે મનાવ્યો હતો. ૧૦ ઓગષ્ટ બ્લેક ડે તરીકે મનાવવા પાછળનો હેતુ એ હતો કે પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડીયાએ ભારતના બંધારણમાં(શીડ્યુલ કાસ્ટ)સ્ટેટ્સનો આજના દિવસે ૧૯૫૦માં સહી કરી હતી.જેમાં દલિત હિદુ શીખો અને બુધ્ધિષ્ટોને શિડચુલ કાસ્ટની અનામતમાં આવરી લેવાયા હતા.

દિલ્હી ખાતે પ્રેસિડેન્ટલ ઓર્ડર ૧૯૫૦ની સામે રીઅપીલ કરવા માટે ડઝનથી વધારે ખ્રિસ્તી નેતાઓ અને હેટ ઓફ ચર્ચીસ ખાતે એકઠા મળ્યા હતા.એકઠા મળેલાઓને મોસ્ટ રેવ અનીલ કોન્ટો, આર્ચબિશપ ઓફ દિલ્હીએ સંબોધ્યા હતા.

રેવ.ડો.રોજર ગાયકવાડ, જનરલ સેક્રેટરી,નેશનલ કાઉન્સીલ ઓફચર્ચીસ ઈન ઈન્ડીયા,સહિત અનેક માન્યવર ખ્રિસ્તી નેતાઓએ આ પ્રસંગે હાજરી આપી હતી.રેવ ડો.રોજર ગાયકવાડે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ કેવા પ્રકારની લોકશાહી છે જેમાં દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસ્લીમા સાથે ભેદભાવ રાખવામાં આવે છે અને અળખામણા ગણવામાં આવી રહ્યા છે.

ડો.જોન દયાલ,પ્રેસિડેન્ટ, યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમે જણાવ્યુ હતું કે આ નિર્ણય એ જાતિવાદી નિર્ણય છે.હવે લડતનો નિર્ણય આવવો જોઈએ.લડત લાંબા વર્ષોથી ચાલી રહી છે અને સરકારે આ પ્રશ્નને લટકાવી રાખ્યો છે.હજુ સુધી સુપ્રીમ કોર્ટમાં જવાબ આપ્યો નથી.

યુપીએ સરકારે કેટલાક વર્ષોથી ચાલી આવેલી લડતને લટકાવી રાખી હતી.સુપ્રીમમાં સરકાર તરફથી જવાબ પણ રજુ કરવામાં આવ્યો નથી.આ ઉપરાંત રંગનાથ મિશ્રા કમિશન તરફથી અપાયેલ રીપોર્ટમાં સાફ જણાવાયું છે કે દલિત ખ્રિસ્તી અને દલિત મુસ્લીમોને અનામત આપવામાં આવી નથી જે તેમને આપવી જોઈએ તેવી ભલામણ તેમના તરફથી કરવામાં આવી હતી.

## હરિયાણાએ ૯ દિવસ માટે માંસ પર પ્રતિબંધ મુક્યો

જ્યાં જ્યાં ભાજપ શાસિત સરકારો છે તેમને હવે મુંબઈમાં શિવસેના એ ભાજપનો માંસ પ્રતિબંધ અંગે કરેલા વિરોધની સામે પડવા માટે પોતાના રાજ્યોમાં માંસ પર પ્રતિબંધ લાગુ કરી દીધો છે.જૈનોના પર્યુષણના તહેવારો શરુ થયા છે. ત્યારે હરિયાણાએ પણ માંસના વેચાણ પર પ્રતિબંધ લાગુ કરી દીધો છે.આમ ભાજપ જે રાજ્યોમાં સત્તા ધરાવે છે તે પૈકી હરિયાણા પાંચમુ રાજ્ય છે જેમણે પર્યુષણ નિમિત્તે માંસ પર પ્રતિબંધ ઠોકી દીધો છે.

જો કે ભાજપ શાસિત રાજ્યો દ્વારા લેવાયેલ પગલાંનો અનેક વર્ગમાંથી ભારે વિરોધ ઉઠ્યો છે.લોકોનું એ વેપારીઓનું એવું કહેવુ છે કે લોકોએ ક્યારે શું ખાવું તે સરકાર ફરજ પાડી શકે નહી.

આ ઉપરાંત ભાજપ શાસિત છત્તીસગઢમાં પણ અગાઉ માંસના વેચાણ પર ૮ દિવસનો પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.જો કે તેનો વિરોધ થયા બાદ તેમણે ૮ દિવસનો પ્રતિબંધ ઘટાડીને ૨ દિવસનો કરી નાંખ્યો હતો.ક્યાં દિવસે કતલખાના અને માંસની દુકાનો બંધ રાખવી તે કલેકટર દ્વારા નક્કી કરવામાં આવશે.

ધર્મના નામે લોકો પર થોપી દેવાતા પ્રતબિંધોથી લોકોમાં નારાજગી વ્યાપી છે.

## કેન્દ્ર સરકારે ૨૦૧૧ના વર્ષમાં હાથ ધરાયેલ વસ્તી ગણતરીના આંકડાઓ આખરે પ્રસિધ્ધ કર્યા

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૧માં હાથ ધરાયેલ ધર્મ અને જાતિ આધારિત વસતી ગણતરીના આંકડાઓ જાહેર કર્યા હતા. સરકારના આંકડાઓ પ્રમાણે દેશની કુલ વસ્તીના પ્રમાણમાં અન્ય કોઈ પણ ધર્મના લોકો કરતાં મુસ્લીમોની વસ્તી સૌથી ઝડપથી વધી રહી છે.ભારતના રજીસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશ્નરે જારી કરેલા સત્તાવાર નિવેદન અનુસારના દાયકામાં દેશની કુલ વસ્તીના પ્રમાણમાં હિંદુઓની વસતી ૦.૭ટકા,શીખમાં ૦.૨ ટકા અને બૌધ્ધની વસ્તીમાં ૦.૧ ટકા પર્સન્ટેજ પોઈન્ટનો ઘટાડો થયો છે.પહેલીવાર હિંદુઓની વસ્તી ૮૦ ટકાથી ઓછી થઈ છે.ભારતની કુલ વસ્તી ૧૨૧.૦૯કરોડની છે.જેમાં મુસ્લીમોની વસ્તી ૦.૮ પર્સન્ટેજ પોઈન્ટ વધી છે.જ્યારે અન્ય લઘુમતી સમુદાયો ખ્રિસ્તી અને જૈનોની વસ્તીના પ્રમાણમાં કોઈ નોધપાત્ર વધારો નોધાયો નથી.

વસતી ગણતરીના આધારે દેશની કુલ વસ્તીમાં હિંદુઓની વસ્તી ૯૬.૬૩કરોડ,મુસ્લીમો ૧૭.૨૨ કરોડ, ખ્રિસ્તી ૨.૭૮કરોડ,શીખ ૨.૦૮કરોડ, જૈન ૦.૪૫લાખ, બૌધ્ધ ૮૪.૦૦ લાખ,અન્ય ધર્મી ૭૯.લાખ,કોઈ ધર્મ નહી ૨૯ લાખ આમ કુલ વસ્તી ૧૨૧.૦૯ કરોડની ગણતરીમાં આવી છે.

અગાઉ સરકારે ધર્મ પ્રમાણે વસ્તીના આંકડા જાહેર કરતી હતી. પરંતુ ૨૦૦૧ ની વસતી ગણતરી બાદ સર્જાયેલ વિવાદને પગલે ૨૦૧૧માં સરકારે આ પ્રથા બંધ કરી હતી.હાલની સરકારે બિહાર વિધાનસભાની ચુંટણી અગાઉ આંકડા જારી કરવા પર ટીકાઓ થઈ છે.કારણે આનાથી બિહારમાં મુસ્લીમ મતદારો પર પ્રભાવ પડી શકે છે.

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.૧૯૦૨માં તેનું નામકરણ વ્હાઈટ હાઉસ કરવામાં આવ્યું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,

મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૫ નું આયોજન કરેલ છે.**

**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ** બતાવીશું.

**Tour Date 11 November,2015**

પ્રાર્થન પોલ ગોહિલ,

C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪

મોબાઇલ ને. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦

E.mail ID : prarthgohil@gmail.com

* * * * * * * * * * * * *

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે.**

## ફરજીયાત વોટિંગના અમલ પર હાઇકોર્ટની બ્રેક

લોકોના અધિકાર પર તરાપરુપ કાયદો લાદવાની રાજ્ય સરકારના મનસુબા પર પાણી ફરી વળ્યું છે. ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સરકારના આ ફરજીયાત વોટિગના કાયદાના અમલ પર બ્રેક મારવામાં આવી છે.રાજ્યની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં નાગરિકોને ફરજીયાત મતદાન કરવાના અને મતાધિકારનો ઉપયોગ નહી કરનારને દંડિત કરવાના કાયદાના અમલ સામે ગુજરાત હાઇકોર્ટે મનાઇ ફરમાવી છે.

મનાઇ હુકમ આપતી વખતે એકટીંગ ચીફ જસ્ટીસ જયંત પટેલ અને જસ્ટીસ એન.વી.અંજારીયાની ખંડપીઠે ટકોર કરી હતી કે મતદાનના અધિકારમાં જ મત નહિ આપવાન અધિકારનો પણ સમાવેશ થાય છે. આથી નાગરિકોને બંધારણમાં બક્ષવામાં આવેલ હક્કને ફરજમાં બદલી શકાય નહી.હાઇકોર્ટે વધુમાં કહ્યું હતું કે લોકસભા અનો વિધાનસભાની ચુંટણીમાં ફરજીયાત મતદાન નથી તો સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં ફરજીયાત મતદાન શા માટે કરવું જોઇએ ?મતદાન કરવું કે ના કરવું તે મતદારનો હક્ક છે.અને તેમની ઈચ્છા પર આધારિત છે.આથી જો બંધારણે આપેલા હકને ફરજીયાત કરાય તો બંધારણે આપેલો હક્ક છિનવાઈ જાય છે.લોકશાહમાં હકને સ્વીકારવા કે ન સ્વીકારવા તે લોકોની ઈચ્છા પર આધારિત હોય છે.હાઇકોર્ટે આપેલ આદેશમાં આ જણાવાયું હતું.

સ્વરાજઅભિયાનના કાર્યકર અને એડવોકેટ કે.આર.કોષ્ટીએ આ ફરજીયાત મતદાનના કાયદાને પડકાર્યો હતો.તેમના વતી રજુઆત કરી હતી કે જાય સરકારનો આ નિર્ણય બંધારણથી વિરુધ્ધ છે. રીપ્રેઝન્ટેશન ઓફ પિપલ્સ એકટમાં કરાયેલી જોગવાઇ મુજબ મતાધિકારનો ઉપયોગ કરવો કે નહી તે મતદાતાનો અબાધિત અધિકાર છે.

## પટેલોને અનામતના મદ્દે વડાપ્રધાનની અમેરીકી યાત્રા વખતે ઉગ્ર વિરોધના સંકેતો

વડાપ્રધાન મોદી અમેરિકાની યાત્રાએ જનાર છે ત્યારે યાત્રા દરમિયાન ગુજરાતમાં અનામત પ્રથા દુર કરીને આર્થિક રીતે નબળા હોય તેમને સહાય આપવા માટે મુળ ગુજરાતનો પટેલ સમુદાય હજારોની સંખ્યામાં એકત્રીત થઈને ઉગ્ર વિરોધ નોધાવશે.યુએન ભારતીય દુતાવાસ સુધી આ રેલી કાઢવાનુ પટેલ સમાજનું આયોજન છે.ન્યુયોર્ક ખાતે પ્રતિષ્ઠિત સંસ્થા યુનાઈટેડ નેશન્સના હેડ ક્વાટર્સ ખાતે પટેલ સમાજના દસ હજાર લોકો એકઠા થઈને પહેલા વિરોધ કરવાનું મુખ્ય આયોજન છે.પછી ત્યાંથી રેલી કાઢીને ન્યુયોર્ક ખાતે ભારતીય દુતાવાસ ખાતે લઈ જવાશ.આ કાર્યક્રમ યોજીને ગુજરાતમાં અનામત આંદોલન ચલાવી રહેલા પાટીદારોનું સમર્થન કરવામાં આવશે. કેનેડા ખાતેના પટેલોને ન્યુયોર્ક આવવા માટે કહેવામાં આવી રહ્યું છે.કેનેડા તથા યુએસના શહેરોમાં જય સરદાર-જય પાટીદાર અને પાટીદાર એકતા ઝિંદાબાદના બોર્ડ સાથે નાના સમુહો દેખાવો કરી રહ્યા છે.

## હિંદુઓની વસતી વધારવા માટે વિશ્વ હિંદુ પરિષદ હેલ્પ લાઇન શરુ કરશે

વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય નેતા પ્રવીણ તોગડીયાએ કહ્યું છે કે હિંદુઓની વસ્તી વધારવા માટે નજીકના ભવિષ્યમાં પ્રયાસ થશે. જે હિંદુ પરિવારમાં સંતાન ના હોય તેમને માટે હેલ્પ લાઈન શરુ કરાશે.નાસિકમાં ચાલી રહેલ કુંભ મેળામાં પોતાના સંગઠનના એક કાર્યક્રમની યાદી તોગડીયાએ જાહેર કરી હતી.તોગડીયાએ કહ્યું હતું કે અમે હિંદુ પરિવારોનાં એવા લોકોનો ઈલાજ કરાવવા માંગીએ છીએ જેમના ધરમાં સંતાન ન હોય. આવા લોકો માટે હેલ્પલાઈન શરુ કરવામાં આવશે. અમે હિંદુ પરિવારોના આવા લોકોના ઈલાજ કરાવી, ઈલાજ પછી તેમને ચાર બાળકો પેદા કરવા માટે પ્રોત્સાહન આપવા માંગીએ છીએ.

આ સંમેલનમાં કુલ ૧૦ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યા હતા. તેમાં ધર્માંતરણ ન થવા દેવું.ઘરવાપસી ચાલુ રાખવી,ત્રણ કરોડ બંગલાદેશીઓને તેમને ઘેર પાછા મોકલવા. લવજેહાદ રોકવી,મઠ અને મંદિરોમાં ગરીબોના બાળકોને મફત શિક્ષણ આપવું.બેકાર હિંદુઓમાટે રોજગાર ઉપલબ્ધ કરવા,દીકરીઓની ગર્ભમાં હત્યા થતી રોકવી.વગેરેનો સમાવેશ ત્થાય છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## સંથારા અંગેના હાઇકોર્ટના ચુકાદાને જૈન સમાજે સુપ્રીમ કોર્ટમાં પડકારતાં સ્ટે અપાયો

છેલ્લા કેટલાક સમયથી જૈન સમાજ સંથારા અંગે રાજસ્થાન હાઈકોર્ટે આપેલ નિર્ણય બાબતે વિરોધ પ્રદર્શન યોજી રહ્યો છે. અનેક સાધુ સંતો અને સમાજ દ્વારા ઠેર ઠેર આ બાબતે ભારે વિરોધ નોધાઇ ચુક્યો છે.છેલ્લે આ બાબતે સંઘના વડા સમક્ષ પણ આ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.હવે જૈન સમાજે રાજસ્થાન હાઈકોર્ટે આપેલ સંથારાના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે.

રાજસ્થાન હાઈકોર્ટે જૈન સમાજની ધાર્મિક આસ્થા સંથારા પ્રથાને આત્મહત્યાની શ્રેણીમાં મુકતા તેના પર પ્રતિબંધ લાધી દીધો હતો.પરિણાામે આ કોર્ટના નિર્ણયથી સમગ્ર જૈન સમાજનો આક્રોશ બહાર આવ્યો હતો.હવે જૈન સમાજં આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. આ મામલે થોડાક સમયમાં સુનાવણી શરુ થવાની વકી છે.જૈન સમાજે પોતાની અપીલમાં જણાવ્યું હતું કે સંથારાને આ્ત્મહત્યાની શ્રેણીમાં રાખી શકાય નહી. હાઈકોર્ટના ચુકાદા પર પુનઃ વિચાર થવો જોઈએ. આ મામલે જયપુરમાં જૈન સમાજ દ્વારા મૌન સરઘસ કાઢીને વિરોધ નોધાવવામાં આવ્ય હતો.

રાજસ્થાન હાઈકોર્ટે જૈન સમુદાયની ધાર્મિક પરંપરા સંથારાને ગેરકાયદે ઘણાવતાં ભારતીય દંડસહિતાની કલમ ૩૦૬ તથા ૩૦૯ અંતગર્ત ગુનાઈત પ્રવૃતિ જાહેર કરી હતી.સંથારા જૈન સમાજનું આવશ્યક અંગ નથી.તેને માનવીય કહીશકાય નહી.કારણે મુળ માનવઅધિકારોનું ઉલ્લંઘન કરે છે. રાજસ્થાનના હાઈકોર્ટના આ ચુકાદાની સામે સુપ્રીમમાં દાખલ કરાયેલ અપીલમાં સુપ્રીમ કોર્ટે હાલમાં રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદા સામે સ્ટે આપ્યો છે.

## જેમને ધર્મ પાળવો હોય તે ઘરમાં પાળે : ઉધ્ધવ ઠાકરે

માંસબંધીના વિવાદ સંદર્ભમાં જૈન સાધુઓએ શિવસેનાના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેને માતોશ્રી પર મળ્યા હતા.મુલાકાત બાદ ઠાકરેએ એ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે અમારા તરફથી આ વિવાદ પર પડદો પડ્યો છે. જો કે તેમણે કહ્યુ હતું કે જે કોઈને ધર્મનું પાલન કરવું હોય તે એમના ઘરમાં પાળે.બીજા પર એમના ધર્મને લાદવાની જબરજસ્તી ન કરે. અત્યાર સુધી પર્યુષણ દરમિયાન બે દિવસ માંસનું વેચાણ બંધ રહેતું હતું.તો અચાનક આ વિવાદ કેમ. મીરા-ભાયંદર,નવી મુંબઈ અને મુંબઈ નગરપાલિકામાં પર્યુષણ દરમ્યાન માંસના વેચાણ પર પ્રતિબંધ મુકવાનો ભાજપ દ્વારા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.


★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.